બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપવામાં આવતા અનુદાન સહાય અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૮/૫૬૧/ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૨ એપ્રિલ ૧૯૯૮.

વંચાણે લીધા :-

૧. શિક્ષણ વિભાગના તા. ૧૭-૦૭-૯૦નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૮૭/૨૮૭૯/૫/ગ.
૨. શિક્ષણ વિભાગના તા. ૧૭-૦૭-૯૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૮૭/૨૧૭૪/ગ.
૩. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો તા. ૧૮-૦૩-૯૮નો પત્ર ક્રમાંક: અનદ/વ/ઘ/ ગ્રાંટની નીતિ/૨૯૬૬.

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૧૭-૦૭-૯૦ અને ૧૭-૦૭-૯૨ના ઠરાવોથી રાજ્યમાં આવેલી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જે સહાય અનુદાન જેવું કે મકાન ભાડું અને ઇતરખર્ચ આપવાનું ધોરણ ઠરાવેલ છે. તાજેતરમાં કેન્દ્રના પાંચમા પગાર પંચની ભલામણો અનુસાર રાજ્ય સહાય લેતી બિન-સરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓના પગાર અને ભથ્થા તા. ૧-૧-૯૬થી સુધારતા હુકમો વિભાગના તા. ૨૦-૨-૯૮ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૮/૫૭/ગ.થી અમલમાં આવેલ છે. તે જોતાં આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૧૭-૭-૯૨ના ઠરાવના પરિશિષ્ટ-બ(ખ)ના ક્રમાંક(૧) જોગવાઈમાં ફેરફાર કરવાનું જરૂરી બને છે. આથી આ અંગે નીચે દર્શાવ્યા પ્રમાણેના ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. જ્યાં સુધી અનુદાન સહાયની નવી નીતિ નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી ૧૯૯૭-૯૮ના વર્ષે જે મકાન ભાડા ઇતરખર્ચની રકમ અનુદાન સહાય પેટે મળવાપાત્ર અને ચૂકવાયેલ હોય તે જ રકમ ૧૯૯૮-૯૯ના વર્ષમાં અને ત્યાર બાદ જ્યાં સુધી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ચાલુ રાખવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી:- ( બી. ડી. ભટ્ટ. )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ